©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE AND CENTRAL SECTION

PUBLISHED BY AUTHORITY

VOL. LXVII] SATURDAY, 18th JULY, 2026/ASHADHA 27, 1948 [No. 5585

Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central section in order that it may be filed as a separate compilation

PART-II EXTRAORDINARY

અધિસુચન

અમરેલી વિસ્તાર વિકાસ સત્તામંડળ, અમરેલી

અમરેલી નગરપાલિકા, અમરેલી

ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ-૧૯૭૬ ની કલમ-૧૩

તેમજ ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ નિયમો-૧૯૭૯ ના

નિયમ-૫ મુજબના નમુના- 'ક' મુજબની નોટીસ.

મુસદ્દારૂપ તૃતીય પુનરાવર્તિત વિકાસ યોજના-૨૦૪૩

જા. નં. ટી.પી./ડી.પી./કલમ-૧૩/૭૩૧/૨૦૨૬-૨૭.– અમરેલી વિસ્તાર વિકાસ સત્તામંડળ તથા અમરેલી નગરપાલિકાની દ્વિતીય પુનરાવર્તિત વિકાસ યોજના સરકારશ્રીના તા.૧૩/ ૦૭/ ૨૦૧૭ ના જાહેરનામા ક્રમાંક: જી.એચ. /વી./ ૨૧૪ ઓફ ૨૦૧૭/ ડી.વી.પી.-૧૯૨૦૧૫- ૯૯૮- એલ. થી મંજૂર થઈ અમલમાં આવેલ છે. ત્યારબાદ અમરેલી વિસ્તાર વિકાસ સત્તામંડળની હદમાં વધારો થતાં, જૂની તથા નવી સમગ્ર હદ માટે મુસદ્દારૂપ તૃતીય પુનરાવર્તિત વિકાસ યોજના- ૨૦૪૩ તૈયાર કરી ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ- ૧૯૭૬ ની કલમ- ૯ હેઠળ રાજ્ય સરકારને આ સાથે જોડેલી અનુસૂચિમાં વર્ણવ્યા મુજબ સાદર કરેલ છે.

તેથી, હવે, સદરહુ અધિનિયમ - ૧૯૭૬ ની કલમ- ૧૩ ની પેટા કલમ (૧) અનુસાર, આ સત્તામંડળ આથી નોટિસ આપે છે કે ગુજરાત રાજ્યના રાજયપત્રમાં વિકાસ યોજનાના મુસદ્દા પ્રસિદ્ધ થયાની તારીખથી બે મહિનાની મુદ્દતની અંદર કોઈપણ વ્યક્તિને મુસદ્દારૂપ તૃતીય પુનરાવર્તિત વિકાસ યોજના-૨૦૪૩ ની દરખાસ્તને લગતા જે કોઈ વાંધા/ સૂચનો કરવાના હોય તે વાંધા સુચનો લેખિતમાં ત્રણ નકલમાં નીચે સહી કરનારને જણાવશે તો સત્તામંડળ તેને વિચારણામાં લેશે.

ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ- ૧૯૭૬ ની કલમ- ૧૦ અન્વયે મુસદ્દારૂપ તૃતીય પુનરાવર્તિત વિકાસ યોજના- ૨૦૪૩ ને અનુસૂચિમાં દર્શાવેલ વિગતો સહિત, અમરેલી નગરપાલિકા કચેરીમાં રજાના દિવસો સિવાય કચેરીના કામકાજના દિવસોએ કચેરી સમય દરમ્યાન જાહેર જનતાને જોવા માટે ખુલ્લી રાખવામાં આવેલ છે.

: અનુસૂચિ :

(૧) અમરેલી વિસ્તાર વિકાસ સત્તામંડળની મુસદ્દારૂપ તૃતીય પુનરાવર્તિત વિકાસ યોજના - ૨૦૪૩ નો અહેવાલ તથા નક્શાઓ.

(૨) અમરેલી વિસ્તાર વિકાસ સત્તામંડળનો હયાત જમીન વપરાશ દર્શાવતો નક્શો.

(૩) અમરેલી વિસ્તાર વિકાસ સત્તામંડળના વિસ્તારની સૂચિત વિકાસ યોજનાની દરખાસ્ત દર્શાવતો નક્શો.

સહી/- અવાચ્ય
અમરેલી નગરપાલિકા

સહી/- અવાચ્ય
અમરેલી નગરપાલિકા

કચેરીનું સરનામું :
અમરેલી નગરપાલિકા,
“સરદાર વલ્લભભાઈ પટેલ ભવન”,
નાગનાથ મંદિરની સામે,
રૂક્ષ્મણીબેન બાળમંદિર કેમ્પસ,
અમરેલી- ૩૬૫ ૬૦૧.

Signature Not Verified
Signed by : PATEL JAYESHKUMAR RAGHUNATHBHAI
Manager
Government Press & Stationery, Rajkot
Date : 2026.07.20 12:37:16 IST